**– આંક ૫ લગત હુકમ –**

(૧) આ કામના વાદીએ સદરહુ દાવો કરારના વિશિષ્ટ પાલન, રજીસ્ટર્ડ વેચાણ દસ્તાવેજ રદ કરવા તેમજ કાયમી મનાઇ હુકમ અને ડેકલેરેશન મેળવવા માટે તા. ૨૯/૦૯/૨૦૨૦ ના રોજ દાખલ કરેલ છે. દાવા સાથે આંક – ૫ થી મનાઇહુકમ મેળવવા માટે સદરહુ અરજી રજુ કરેલ છે. જેમા વાદી પક્ષની મુખ્યત્વે રજુઆત છે કે, વાદી રાજકોટ શહેરના રહીશ છે અને વેપાર ધંધો કરે છે. પ્રતિવાદી નં. ૧/૧ થી ૧/૩ વાળાઓ જીનય એન્ટરપ્રાઇઝના નામથી ચાલતી ભાગીદારી પેઢના ભાગીદારો છે અને રાજકોટ મુકામે ઓફીસ ધરાવે છે. પ્રતિવાદીઓ પ્રોપર્ટી ડેવલપર્સ, સીવીલ, મીકેનીકલ, લેબર કોન્ટ્રાકટર તથા રીયલ એસ્ટેટને લગતી વ્યવસાયીક પ્રવૃતિ કરે છે. જીનય એન્ટરપ્રાઇઝ નામની ભાગીદારી પેઢી અગાઉ કૃષી એન્ટરપ્રાઇઝ તરીકે ઓળખાતી હતી. તા. ૧૬.૦૮.૨૦૧૬ ના રોજ પેઢીનું નામ બદલીને જીનય એન્ટરપ્રાઇઝ કરવામાં આવેલ છે. તે અંગેનો ઉલ્લેખ જીનય એન્ટરપ્રાઇઝ ભાગીદારી પેઢીને તા. ૧૯.૦૮. ૨૦૧૬ ના ભાગીદારી ફેરફારનો દસ્તાવેજમા કરવામાં આવેલ છે. સદરહુ ભાગીદારી ફેરફારનો દસ્તાવેજ રાજકોટ – ૫ (મવા), સબરજીસ્ટ્રાર કચેરીની એક નંબરની બુકમાં અનુક્રમ નં. ૩૪૬૯ નંબરે તા. ૧૯.૦૮.૨૦૧૬ થી નોંધાયેલ છે. આ રીતે પ્રતિવાદી નં. ૧/૧ થી ૧/૩ વાળાઓ જીનય એન્ટરપ્રાઇઝ ભાગીદારી પેઢીનાં હાલના ભાગીદારો છે. સદર પેઢીના તમામ કૃત્યો માટે કાનુની રીતે જવાબદાર છે. જીનય એન્ટરપ્રાઇઝ ભાગીદારી પેઢીના ઉપરોકત ભાગીદારી ફેરફારના દસ્તાવેજમાં પાના નં. ૫ ઉપર પેરા ૧૫ થી ત્રણેય ભાગીદારોને અધિકૃત કરી તેઓની સંયુકત સહીથી અથવા વ્યકતિગત સહીથી ભાગીદારી પેઢી વતી પેઢીની મિલકત નાં સાટાખત, વેચાણ દસ્તાવેજ, રેવન્યુ રેકર્ડને લગતી અરજી, અપીલ, કોઇપણ સરકારી અર્ધસરકારી કચેરી તથા ધંધાના બેંકને લગત કોઇપણ કાયદેસરના કાર્યો કરવા માટે સ્વતંત્ર અધિકાર દરેક ભાગીદારોને અરસ પરસ આપવામા આવેલ. તે રીતે સદર ભાગીદારી પેઢી વતી કોઇ એક ભાગીદાર સ્થાવર મિલકતનો વહીવટ વ્યવસ્થા કરવા હકકદાર છે. પ્રતિવાદી જીનય એન્ટરપ્રાઇઝ પેઢીએ જામનગર જીલ્લાના કાલાવડ તાલુકાનાં મોજે ગામ કાલાવડનાં રે. સ. નં. ૨૪૬ પૈકી ૫૭ વાળી રહેણાક હેતુ માટે બીનખેતી થયેલ સાવન વેલી તરીકે ઓળખાતી જગ્યાના પ્લોટો નીચે જણાવેલ વિગતે પ્લોટ નંબર કાલાવડ સબ રજીસ્ટ્રાર કચેરીમાં એક નંબરની બુકમાં નોંધાયેલ વેચાણ દસ્તાવેજથી વેચાણ રાખેલ.



This is a True Copy of the Court Records Online. Authenticated @ districts.ecourtsindia.com/cnr/GJJM020065682020/truecopy/order-1.pdf

www.ecourtsindia.com

| ક્રમ | પ્લોટ નં. | વેચાણ દસ્તાવેજ અનુક્રમ નં. | તારીખ | વેચાણ લેનાર |
|---|---|---|---|---|
| ૧ | ૧ થી ૧૨, ૧૭ થી ૬૪ તથા ૬૬ થી ૭૦ | ૧૨૮૮ | ૨૦.૦૮.૨૦૧૬ | ૧.સંજયભાઇ વશરામ ભાઇ ડાંગરીયા<br>૨.જીતેન્દ્રભાઇ વીરજી ભાઇ લીંબાસીયા |
| ૨ | ૭૧ થી ૧૦૬ | ૧૨૮૭ | ૨૦.૦૮.૨૦૧૬ | ૧. ધીરજભાઇ મોહન ભાઇ સોરઠીયા<br>૨. જયેશભાઇ ધીરજ લાલ સોરઠીયા |
| ૩ | ૧ થી ૧૨ તથા ૧૭ થી ૩૪ તથા ૬૬ થી ૭૦ | ૧૨૮૮ | ૨૦.૦૮.૨૦૧૬ | ૧. જયેશભાઇ ધીરજ લાલ સોરઠીયા<br>૨. જીતેન્દ્રભાઇ વીરજીભાઇ લીંબાસીયા<br>૩. ધીરજભાઇ મોહન ભાઇ સોરઠીયા |

ત્યારબાદ કાલાવડ નગરપાલિકાની મંજુરી મેળવી તે પૈકીના પ્લોટ નં. ૬૬ થી ૭૬ નું એકત્રીકરણ તથા સબપ્લોટીંગ મંજુર કરાવતાં, સબ પ્લોટ નં. ૬૬ થી ૭૬/૧ થી ૬૬ થી ૭૬/૧૪ અસ્તિત્વમાં આવેલ અને તેવી જ રીતે પ્લોટ નં. ૭૭ થી ૮૭ નું એકત્રીકરણ તથા સબપ્લોટીંગ મંજુર કરાવતાં, સબપ્લોટ નં. ૭૭ થી ૮૭/૧ થી ૭૭ થી ૮૭/૧૫ અસ્તિત્વમાં આવેલ અને તેવી જ રીતે પ્લોટ નં. ૮૮ થી ૯૨ નું એકત્રીકરણ તથા સબપ્લોટીંગ મંજુર કરાવતાં, સબ પ્લોટ નં. ૮૮ થી ૯૨/૧ થી ૮૮ થી ૯૨/૬ અસ્તિત્વમાં આવેલ અને તેવી જ રીતે પ્લોટ નં. ૯૩ થી ૯૭ નું એકત્રીકરણ તથા સબપ્લોટીંગ મંજુર કરાવતા, સબ પ્લોટ નં. ૯૩ થી ૯૭/૧ થી ૯૩ થી ૯૭/૬ અસ્તિત્વમાં આવેલ. તેવી જ રીતે પ્લોટ નં. ૧૦૪ થી ૧૦૬ નું એકત્રીકરણ તથા સબપ્લોટીંગ મંજુર કરાવતા, સબ પ્લોટ નં. ૧૦૪ થી ૧૦૬/૧ થી ૧૦૪ થી ૧૦૬/૪ અસ્તિત્વમાં આવેલ. જીનય એન્ટરપ્રાઇઝ ભાગીદારી પેઢીની માલીકી તથા કબજા ભોગવટાવાળી રે. સ. નં. ૨૪૬ પૈકી ૫૭ વાળી રહેંણાક હેતુ માટે બીનખેતી થયેલ સાવન વેલીનાં પ્લોટ નં. ૬૬ થી ૭૬ ના સબપ્લોટ નં. ૬૬ થી ૭૬/૧ થી ૬૬ થી ૭૬/૧૪, ક્ષેત્રફળ ૧૦૧૭.૪૮ ચો. મી. પ્લોટ નં. ૭૭ થી ૮૭ ના સબપ્લોટ નં. ૭૭ થી ૮૭/૧ થી ૭૭ થી ૮૭/૧૫, ક્ષેત્રફળ ૧૦૮૦.૪૨ તથા પ્લોટ નં. ૮૮ થી ૯૨ ના સબ પ્લોટ નં. ૮૮ થી ૯૨/૧ થી ૮૮ થી ૯૨/૬ ક્ષેત્રફળ ૪૧૯.૭૫ ચો. મી. તથા પ્લોટ નં. ૯૩ થી ૯૭ સબ પ્લોટ નં. ૯૩ થી ૯૭/૧ થી ૯૩ થી ૯૭/૬ ક્ષેત્રફળ ૪૧૯.૭૫ ચો. મી. તથા પ્લોટ નં. ૯૮ થી ૧૦૩ ક્ષેત્રફળ ૭૨૯.૫૫ ચો. મી. તથા પ્લોટ નં. ૧૦૪ થી ૧૦૬ ના સબ પ્લોટ નં. ૧૦૪ થી ૧૦૬/૧ થી ૧૦૪ થી ૧૦૬/૪, ક્ષેત્રફળ ૩૫૭.૩૯ ચો. મી. મળી કુલ ક્ષેત્રફળ ૪૦૨૪.૩૪ ચો. મી. જમીન વેચાણ લેવા વાદીએ પ્રતિવાદી જીનય એન્ટરપ્રાઇઝ સાથે રૂ. ૨૦,૦૦,૦૦૦/- માં સોદો કરેલ અને તે પેટે



This is a True Copy of the Court Records Online. Authenticated @ districts.ecourtsindia.com/cnr/GJJM020065682020/truecopy/order-1.pdf

વાદી જોગ જીનય એન્ટરપ્રાઇઝ ભાગીદારી પેઢીના ભાગીદાર દરજ્જે તથા અન્ય ભાગીદારોના અધિકૃત વહીવટકર્તા તરીકે ધીરજલાલ મોહનલાલ સોરઠીયાએ રજીસ્ટર્ડ સાટાખત કરાર (કબજારહિતનો) લખી આપેલ જે કાલાવડ સબ રજીસ્ટ્રાર કચેરીનાં એક નંબરની બુકના અનુક્રમ નં. ૧૪૫૪, તા. ૧૫.૦૧. ૨૦૧૯ ના રોજ નોંધાયેલ છે. સદર કરાર અન્વયે વાદીએ પ્રતિવાદી પેઢીને રૂ. ૧૯,૦૦,૦૦૦/- પુરા કોટક મહિન્દ્રા બેંકના ચેક નં. ૦૦૦૦૦૨ થી ચુકવી આપેલ. વાદી જોગનાં સાટાખત કરાર વખતે પ્રતિવાદી પેઢીના નામનો આપેલ ચેક પ્રતિવાદીએ મુદત હરોળ ભરણાં માટે રજુ કરેલ નહિં અને ત્યારબાદ વિશ્વવ્યાપી કોરોના મહામારી અન્વયે સમગ્ર દેશમાં લોકડાઉનની પરિસ્થિતી સર્જાય જવા પામેલ. કોવીડ - ૧૯ ના અન્વયેના લોકડાઉન બાદ વાદીએ પ્રતિવાદી પેઢીનાં અધિકૃત ભાગીદારનો સંપર્ક કરતાં વાદીએ આપેલ ચેક રીવેલીડેટ કરી આપેલ. ત્યારબાદ સદરહુ ચેકની રકમ પ્રતિવાદી પેઢીનાં ખાતામાં જમા થઇ ગયેલ છે. વાદી જોગનાં કરારના પેરા - ૨ માં જે મુદત નકકી કરવામા આવેલ તે પ્રતિવાદી પેઢીએ ચેક રીવેલીડેટ કરાવતી વખતે થયેલ મૌખીક સમજુતી અનુસાર ચેક પાસ થયાથી છ માસ માટે લંબાવી આપવામા આવેલ. વાદી તથા જીનય એન્ટરપ્રાઇઝ ભાગીદારી પેઢી વચ્ચે થયેલ તા. ૧૫.૧૦.૨૦૧૯ ના રજીસ્ટર્ડ સાટાખત કરારમાં સમય આવશ્યક તત્વ ન હતો. વાદી સદર કરાર અન્વયે બાકી રહેતી રકમ રૂ. ૧,૦૦,૦૦૦/- ચુકવી આપવા તૈયાર છે. વાદીએ પ્રતિવાદી પેઢીના ભાગીદારોને અનેક વખત રૂબરૂ મળી આ રકમ વસુલ લઇ વેચાણ દસ્તાવેજ કરી આપવા વિનંતી કરેલ હોવા છતાં પ્રતિવાદી પેઢીના ભાગીદાર એક યા બીજા કારણસર વાદીને દસ્તાવેજ કરી આપેલ નહિં અને ખોટી રીતે બહાના કાઢી સમય પસાર કરતા હતા. વાદી કરાર અન્વયે તેઓનો પાર્ટ પરફોરમન્સ કરવા હર હમેંશ ખુશી અને તૈયાર હતા અને છે. વાદીના ભાગે કરારનું પાલન કરવામાં કોઇ કમી રહેલ નથી કે રાખવા માંગતા નથી પરંતુ અવેજ પૈકી ૯૫ ટકા રકમ વસુલ મળી જવા છતાં પ્રતિવાદી પેઢીના ભાગીદારો વાદી જોગનો દસ્તાવેજ કરી આપતા નથી. પ્રતિવાદી જીનય પેઢી એન્ટરપ્રાઇઝના ભાગીદારો વચ્ચે તેમનાં અન્ય વ્યવસાય સંબંધી વિવાદ ઉપસ્થિત થયેલ હોય વાદીને કરાર અન્વયેના હકકોથી વંચિત રાખવા માટે પ્રતિવાદી નં. ૧/૨ વાળા એ કરી આપેલ રજીસ્ટર્ડ કરાર અમલમાં હોવા છતાં પ્રતિવાદી નં. ૨ થી ૪ નાઓના નામે કરારવાળી મિલકતનાં વેચાણ દસ્તાવેજો કરી આપેલ છે. જેની વિગત અરજીનાં પેરા - ૮ માં દર્શાવેલ કોષ્ટક નીચે મુજબ છે.

૯ માં એડી. સીની. સીવીલ જજ, જામનગર

This is a True Copy of the Court Records Online. Authenticated @ districts.ecourtsindia.com/cnr/GJJM020065682020/truecopy/order-1.pdf

www.ecourtsindia.com

| સબ પ્લોટ નંબર | ક્ષેત્રફળ ( ચો. મી.) | ખરીદનારનું નામ | દસ્તાવેજ નંબર | તારીખ | અવેજ |
|---|---|---|---|---|---|
| ૬૬ થી ૭૬/૧ થી ૬૬ થી ૭૬/૬ | ૪૮૦.૭૩ | પ્રશાંત દિનેશભાઇ વસોયા | ૮૬૦ | ૧૫.૦૭.૨૦૨૦ | ૨૨૮૫૦૦.૦૦ |
| ૬૬ થી ૭૬/૭ થી ૬૬ થી ૭૬/૧૩ | ૪૬૮.૦૯ | ચંદુભાઇ બાવાભાઇ ટીલાળા | ૮૮૨ | ૨૨.૦૭.૨૦૨૦ | ૨૨૨૫૦૦.૦૦ |
| ૬૬ થી ૭૬/૧૪ | ૬૮.૬૬ | શૈલેષભાઇ માવજીભાઇ ટીલાળા | ૮૮૯ | ૨૨.૦૭.૨૦૨૦ | ૩૩૦૦૦.૦૦ |
| ૭૭ થી ૮૭/૧ થી ૭૭ થી ૮૭/૬ | ૪૭૬.૮ | ચંદુભાઇ બાવાભાઇ ટીલાળા | ૮૮૩ | ૨૨.૦૭.૨૦૨૦ | ૨૨૬૫૦૦.૦૦ |
| ૭૭ થી ૮૭/૭ થી ૭૭ થી ૮૭/૧૩ | ૪૬૮.૦૯ | શૈલેષભાઇ માવજીભાઇ ટીલાળા | ૮૮૭ | ૨૨.૦૭.૨૦૨૦ | ૨૨૨૫૦૦.૦૦ |
| ૭૭ થી ૮૭/૧૪ તથા ૭૭ થી ૮૭/૫ | ૧૩૫.૫૩ | ચંદુભાઇ બાવાભાઇ ટીલાળા | ૮૮૪ | ૨૨.૦૭.૨૦૨૦ | ૬૪૫૦૦.૦૦ |
| ૮૮ થી ૯૨/૧ થી ૮૮ થી ૯૨/૬ | ૪૧૯.૭૫ | શૈલેષભાઇ માવજીભાઇ ટીલાળા | ૮૮૮ | ૨૨.૦૭.૨૦૨૦ | ૨૦૦૦૦૦.૦૦ |
| ૯૩ થી ૯૭/૧ થી ૯૩ થી ૯૭/૬ | ૪૧૯.૭૫ | ચંદુભાઇ બાવાભાઇ ટીલાળા | ૮૮૧ | ૨૨.૦૭.૨૦૨૦ | ૨૦૦૦૦૦.૦૦ |
| ૯૮ થી ૧૦૦ | ૨૫૬.૯૭ | શૈલેષભાઇ માવજીભાઇ ટીલાળા | ૮૮૫ | ૨૨.૦૭.૨૦૨૦ | ૧૨૨૧૦૦.૦૦ |
| ૧૦૧ થી ૧૦૩ | ૪૭૨.૫૮ | ચંદુભાઇ બાવાભાઇ ટીલાળા | ૯૧૩ | ૨૨.૦૭.૨૦૨૦ | ૨૨૪૫૦૦.૦૦ |
| ૧૦૪ થી ૧૦૬/૧ થી ૧૦૪ થી ૧૦૬/૪ | ૩૫૭.૩૯ | શૈલેષભાઇ માવજીભાઇ ટીલાળા | ૮૮૬ | ૨૨.૦૭.૨૦૨૦ | ૧૭૦૦૦૦.૦૦ |

પ્રતિવાદી નં. ૧/૨ એ વાદી જોગ કરાર અમલમાં હોવા છતાં તેમના મળતીયા પ્રતિવાદી નં. ૨ થી ૪ ના નામે જે વેચાણ દસ્તાવેજ કરી આપેલ છે તે કાયદાની દ્રષ્ટીએ પ્રથમથી વ્યર્થ અને રદબાતલ છે. વાદીને તે બંધનકર્તા રહેતા નથી. તથ્ય એન્ટરપ્રાઇઝ ભાગીદારી પેઢીના ભાગીદારો હાલના દાવાના પ્રતિવાદી નં. ૧/૧ થી ૧/૩ વાળાઓ તથા વાદી તેમજ અન્ય ભાગીદારો તથા અન્ય પક્ષકારો વચ્ચે રાજકોટનાં નામદાર એડીશ્નલ સીનીયર સીવીલ જજ સાહેબની કોર્ટમાં સ્પે. દી. મુ. નં. ૩૪/૨૦૨૦ આ દાવાના પ્રતિવાદી નં. ૧/૨ એ દાખલ કરેલ છે. સદર કહેવાતા વિવાદ અન્વયે હાલના વાદીનાં રજીસ્ટર્ડ સાટાખત કરાર તળેનાં હકકોને અવળી અસર પાડવાના મલીન હેતુસર પ્રતિવાદી નં. ૧/૨ વાળાએ પ્રતિવાદી નં. ૨ થી ૪ જોગ કરી આપેલ વેચાણ દસ્તાવેજો અવેજ વગરનાં, આભાસી, મિથ્યા અને માત્ર કહેવાતા દસ્તાવેજો છે તેનું કાયદામાં કોઇ મુલ્ય નથી. પ્રતિવાદી નં. ૨ થી ૪ શુધ્ધ બુધ્ધિ પુર્વકના ખરીદનાર નથી કારણ કે, તેઓ જોગનાં વેચાણ દસ્તાવેજ વખતે વાદી જોગનો સાટાખતનો કરાર સબરજીસ્ટ્રાર કાલાવડની કચેરીમાં નોંધાયેલ હતો. કાયદા અનુસાર કોઇપણ મિલકત ખરીદતી

૯ માં એડી. સીની. સીવીલ જજ, જામનગર

www.ecourtsindia.com

This is a True Copy of the Court Records Online. Authenticated @ districts.ecourtsindia.com/cnr/GJJM020065682020/truecopy/order-1.pdf

વખતે મિલકતનાં ખરીદનાર મિલકત ખરીદ કરતા પહેલા ટાઇટલ તથા માલિકી અંગેની તપાસ કરવાની રહે છે અને ખરીદવા ધારેલ મિલકત સંબંધે અન્ય કોઇ વ્યવહાર થયેલ છે કે કેમ તે જોવાની ખરીદનારની ફરજ છે. પ્રતિવાદી નં. ૨ થી ૪ વાળાઓએ કાયદા અનુસાર ખરીદનાર પર મુકવામા આવેલ આવી ફરજો અદા કરી હોય અને સદર મિલકતના ટાઇટલ અંગે તપાસ કરી હોય તો વાદી જોગનાં રજીસ્ટર્ડ સાટાખત થયેલ હોવાનું તેમને જાણવા મળ્યુ હોય. કોઇપણ વ્યકિત સબરજીસ્ટ્રાર કચેરીમાં સર્ચ કર્યા વગર કોઇ વ્યવહાર કરે તો અગાઉના દસ્તાવેજોની તેમને જાણ છે તેવું કાયદા મુજબ પુર્વાનુમાન થાય. પ્રતિવાદી નં. ૨ થી ૪ વાળાઓએ વાદી જોગનાં સાટાખત કરારની જાણ હોવા છતાં પ્રતિવાદી નં. ૧/૨ વાળા સાથે જે વ્યવહારો કરેલ છે તેમા તેઓની કોઇ શુધ્ધબુધ્ધિ જણાતી નથી. પ્રતિવાદી નં. ૨ થી ૪ વાળાઓ પ્રતિવાદી નં. ૧/૨ વાળા સાથે મિલાપીપણામાં હોવાનું માનવાને કારણ રહે છે. આથી વાદીએ હાલનો દાવો તથા મનાઇ અરજી દાખલ કરેલ છે. પ્રતિવાદી નં. ૨ થી ૪ વાળાઓ હકક અધિકાર વિના, ગેરકાયદેસર રીતે દાવાવાળી મિલકત અન્ય કોઇને વેચાણ, ગીરો બક્ષીસ કે અન્ય કોઇ રીતે તબદીલ કરી નાખે તેવી વાદીને વ્યાજબી દહેશત છે અને જો તેમ કરવામાં પ્રતિવાદી નં. ૨ થી ૪ સફળ થાય તો વાદીને અન્ય પક્ષકારોને જોડવા તથા નવા દાવાઓ કરવા પડે તેવી સ્થિતીનુ નિર્માણ થાય તેમ છે. વાદીનો સંગીન પ્રથમ દર્શનીય કેસ છે અને સગવડતાની સમતુલા વાદીની તરફેણમાં છે. માંગ્યા મુજબનો મનાઇ હુકમ આપવામા ન આવે તો વાદીને નાણામાં ન મળી શકે તેવુ નુકશાન થાય તેમ છે. મનાઇ હુકમ આપવાથી પ્રતિવાદીને કોઇ નુકશાન થાય તેમ નથી. કમ્પેરીટીવ હાર્ડશીપ વાદીને વિશેષ છે. આ સંજોગોમાં માંગ્યા મુજબનો મનાઇ હુકમ આપવાથી ન્યાયનો હેતુ સરે તેમ છે અને મલ્ટીપ્લીસીટી ઓફ સ્યુટ થતા નિવારી શકાય તેમ છે વિગેરે હકીકતો પ્લીડીંગ્સમાં જણાવેલ છે. વાદીએ અરજીના પેરા – ૧૩ (એ) તથા (બી) માં વાદગ્રસ્ત મિલકતો સંદર્ભે વચ્ચગાળાનો મનાઇહુકમની માંગણી કરેલ છે.

**(૨)** મનાઇ અરજી સંદર્ભે પ્રતિવાદીઓને કારણદર્શક નોટીસ આર. પી. એ. ડી. દ્વારા ઇસ્યુ કરવામાં આવેલ. જે પ્રતિવાદીઓને બજી ગયેલ છે. પ્રતિવાદી નં. ૧/૧ તથા ૧/૩ તરફે વિ.વ.શ્રી આર. આર. ખાંટ મારફતે હાજર થયેલ છે. પ્રતિવાદી નં. ૧/૧ તથા ૧/૩ તરફે **આંક – ૨૦** થી તા. ૦૩.૧૨. ૨૦૨૦ ના રોજ લેખીત જવાબ રજુ કરેલ છે. જેમાં પ્રતિવાદી નં. ૧/૧ તથા ૧/૩ નાઓએ વાદીની દાવા તથા મનાઇ અરજીની હકીકતોને સમર્થન કરેલ છે.

**૯ માં એડી. સીની. સીવીલ જજ, જામનગર**

This is a True Copy of the Court Records Online. Authenticated @ districts.ecourtsindia.com/cnr/GJJM020065682020/truecopy/order-1.pdf

www.ecourtsindia.com

(૩) પ્રતિવાદી નં. ૧/૨ તરફે વિ.વ.શ્રી એ. એચ. જોષી મારફતે હાજર થયેલ છે. પ્રતિવાદી નં. ૧/૨ તરફે આંક – ૧૬ થી જવાબ રજુ કરવા માટે મુદત અરજી રજુ કરેલ જે તા. ૨૩.૧૧.૨૦૨૦ ના રોજ નામંજુર કરવામા આવેલ. ત્યારબાદ પ્રતિવાદી નં. ૧/૨ દ્રારા આંક – ૧૭ થી જવાબનો હકક ઓપન કરવા માટે અરજી રજુ કરેલ જે તા. ૦૩.૧૨.૨૦૨૦ ના રોજ મંજુર કરવામાં આવેલ છે. પ્રતિવાદી નં. ૧/૨ તરફે **આંક – ૧૮** થી તા. ૦૩.૧૨.૨૦૨૦ ના રોજ લેખીત જવાબ રજુ કરેલ છે. જેમાં પ્રતિવાદી નં. ૧/૨ દ્રારા વાદીની દાવા તથા મનાઇ અરજીની વિગતોને પેરાવાઇઝ ડીનાઇલ કરેલ છે. પ્રતિવાદી નં. ૧/૨ ની મુખ્યત્વે રજુઆત છે કે, સાટાખત કરારની શરત મુજબ બાકી રહેતી અવેજની રકમ વાદીએ ૯૦ દિવસમાં એટલે કે, તા. ૧૫.૦૧.૨૦૨૦ સુધીમાં ચુકવી આપવાની હતી. સાટાખત કરારમાં સમય મર્યાદા એ મહત્વનો અને ફરજીયાત તત્વ હતો. વાદી જોગના સાટાખત કરારની મુદત તા. ૧૫.૦૧.૨૦૨૦ ના રોજ પુરી થઇ ગયેલ હોય સાટાખત કરાર બીનઅમલી રદબાતલ થઇ ગયેલ હોય તેનું પાલન થઇ શકે નહિં. વાદીએ પ્રતિવાદી નં. ૧/૩ કે ભાગીદારી પેઢીના કોઇપણ ભાગીદારોને સદરહુ સાટાખત થયા બાદ લેખીતમાં બાકી રહેતો અવેજ ચુકવી દસ્તાવેજ કરી લેવા માટેની તૈયારી બતાવેલ હોય તેવુ પ્લીડીંગ્સ કે રજુ થયેલ રેકર્ડ ઉપરથી જણાય આવતુ નથી. વાદીએ અવેજ પેટેની રકમ રૂ. ૧૯,૦૦,૦૦૦/– પેઢીના ખાતે જમા થઇ ગયેલ હોવાનુ જણાવેલ છે પરંતુ આવી રકમ જમા થયા અંગેનો કોઇ આધાર આ કામે રજુ રાખેલ નથી. વાદીએ પ્રતિવાદી પેઢીને કયારેય આવા સાટાખતના બાકી રહેતા અવેજ ચુકવી આપવા રૂબરૂ મળી વિનંતી કરેલ નથી કે આવો કોઇ સાટાખત કરાર અમલમા હોય તેવુ પ્રતિવાદી નં. ૧/૨ ની કે પેઢીની જાણમાં નથી. પ્રતિવાદી નં. ૧/૩ અને વાદી બંને મિલાપીપણુ કરી ભાગીદારી પેઢીની સંયુકત મિલકત ડુબાડી દેવાની અને આર્થિક લાભ મેળવવા માટે સંપુર્ણ મિલકત ડીસ્પયુટેડ કરી પ્રતિવાદી પાસેથી પૈસા પડાવવાનો મલીન ઇરાદો ધરાવી સદરહુ દાવો લાવેલ છે. પ્રતિવાદી નં. ૧/૩ એ ભાગીદારી પેઢી વતી પ્રતિવાદી નં. ૨ થી ૪ ને સંપુર્ણ અવેજ સ્વીકારી વેચાણ દસ્તાવેજ કરી આપી કબજો સોંપી આપેલ છે અને વેચાણ અવેજની રકમ ભાગીદારી પેઢીના ખાતામાં જમા થઇ ગયેલ હોય તે અંગેના આધાર પુરાવા રૂપે બેંક સ્ટેટમેન્ટ રજુ રાખેલ છે. પ્રતિવાદી નં. ૧/૧ તથા ૧/૩ ને વાદીએ કોલ્યુઝનથી સામે જોડી અલગ વકીલ રોકી કબુલાતી જવાબ મેળવી દાવો મજબુત કરવા તથા સહાનુભુતી મેળવવા પ્રયત્ન કરેલ છે. વાદીએ વર્ષ ૨૦૧૯ માં કહેવાતુ સાટાખત કરાવી અને ત્યારબાદ સાટાખતની સમય



This is a True Copy of the Court Records Online. Authenticated @ districts.ecourtsindia.com/cnr/GJJM020065682020/truecopy/order-1.pdf

www.ecourtsindia.com

મર્યાદામાં એટલે કે દિવસ – ૯૦ માં કે આજદીન સુધી કોઇ ખુશી કે તૈયારી બતાવેલ ન હોય તેથી સદરહુ દાવામાં વાદીને કોઇપણ પ્રકારની અરજન્સી ન હોય તેવુ રેકર્ડ પરથી ફલિત થાય છે. વાદી ચોખ્ખા હાથે નામદાર કોર્ટમા આવેલ નથી. વાદીનો પ્રથમ દર્શનીય કેસ નથી. બેલેન્સ ઓફ કનવીનીયન્સ વાદીની તરફેણમાં ન હોય, વાદી માંગ્યા મુજબનો મનાઇહુકમ મેળવવા કાયદેસર રીતે હકકદાર થતા નથી. આથી વાદીનો દાવો તથા મનાઈ અરજી ખર્ચ સહિત રદ કરવા રજુઆત કરેલ છે.

**(૪)** પ્રતિવાદી નં. ૨ થી ૪ ને પ્રોસેસ બજી જવા છતાં ગેરહાજર રહેતા આંક – ૧૩ લગત કરેલ હુકમ અનુસાર તેઓ વિરૂધ્ધ કેસ એકતરફી ચલાવવાનો હુકમ તા. ૦૪.૧૧.૨૦૨૦ ના રોજ કરવામા આવેલ. પ્રતિવાદી નં. ૨ થી ૪ તરફે વિ. વ. શ્રી એ. એચ. જોષી મારફતે તા. ૧૦.૧૨.૨૦૨૦ ના રોજ હાજર થયેલ છે. પ્રતિવાદી નં. ૨ થી ૪ તરફે આંક – ૨૬ થી એકતરફીમાંથી બાય પાર્ટી કેસ ચલાવવા અરજી રજુ કરેલ જે અરજી કોષ્ટ સહિત તા. ૧૦.૧૨.૨૦૨૦ ના રોજ મંજુર કરવામા આવેલ છે. પ્રતિવાદી નં. ૨ થી ૪ તરફે **આંક – ૨૯** થી લેખીત જવાબ રજુ કરેલ છે જેમા તેઓની મુખ્યત્વે રજુઆત છે કે, વાદીની દાવા તથા મનાઇ અરજી શુધ્ધબુધ્ધિના અભાવવાળી હોય, અરજીના મજકુરો ખોટા તથા અધુરી વિગતો દર્શાવેલા હોય રદ થવાને પાત્ર છે. દાવો સ્પેશીફીક રીલીફ એકટની જોગવાઇ વિરૂધ્ધનો હોય વાદીને કોઇ દાદ મળી શકે નહિં. વાદીનો દાવો કોઝ ઓફ એકશન વિનાનો હોય સી. પી. સી. ઓર્ડર – ૭, રૂલ – ૧૧ મુજબ રદ થવાને પાત્ર છે. વાદીની દાવા તથા મનાઇ અરજીની વિગતોનું પેરાવાઇઝ ડીનાઇલ કરેલ છે તથા ખરી હકીકતોમાં મુખ્યત્વે જણાવેલ છે કે, પ્રતિવાદી નં. ૨ થી ૪ નાએ પુરેપુરો અવેજ ચુકવીને મનાઇઅરજીના પેરા – ૫ માં જણાવેલ પ્લોટો પ્રતિવાદી નં. ૧/૨ પાસેથી અલગ અલગ વેચાણ દસ્તાવેજથી ખરીદ કરેલ. સદરહુ દસ્તાવેજો વાળી મિલકતોનો શાંત, ખાલી, નિર્ભય કબજો પ્રતિવાદી નં. ૨ થી ૪ ને સોંપી આપેલ છે જેથી પ્રતિવાદી નં. ૨ થી ૪ શુધ્ધ બુધ્ધિ પુર્વકના ખરીદનાર છે. વાદીએ પ્રતિવાદીઓને સદરહુ દાવો દાખલ કરતા પહેલા કોઇ નોટીસ પાઠવેલ હોય તેવુ રેકર્ડ પરથી જણાય આવતુ નથી. સદરહુ કહેવાતો સાટાખત જોવામાં આવે તો તેમા ૯૦ દિવસની સમય મર્યાદામાં બાકી રહેતો અવેજ ચુકવી અને દસ્તાવેજ કરાવી લેવાનું સ્પષ્ટપણે જણાવેલ હોય સદરહુ સાટાખતમાં સમય એ આવશ્યક તત્વ હતુ. કાયદાકીય રીતે પણ સાટાખતના કરારમાં સમય હંમેશા આવશ્યક તત્વ હોવુ જોઇએ તેવી કાયદાકીય જોગવાઇ છે. પ્રતિવાદી નં. ૧/૩ અને વાદી બંનેએ મેળાપીપણુ કરી ભાગીદારી પેઢની સંયુકત મિલકતોનો

**૯ માં એડી. સીની. સીવીલ જજ, જામનગર**

This is a True Copy of the Court Records Online. Authenticated @ districts.ecourtsindia.com/cnr/GJJM020065682020/truecopy/order-1.pdf

પ્રતિવાદી નં. ૧/૨ નાએ પ્રતિવાદી નં. ૨ થી ૪ નાને પુરેપુરો અવેજ સ્વીકારી વેચાણ દસ્તાવેજો રજીસ્ટર્ડ કરાવી આપેલ હોય તેમજ કબજો સોંપી આપેલ હોય, સદરહુ મિલકત માહેનો માલીકી હકક ડુબાડી દેવાનો અને આર્થિક લાભ મેળવવા માટે મિલકત ડિસ્પયુટેડ કરી પ્રતિવાદી નં. ૨ થી ૪ પાસે પૈસા પડાવવાનો મલિન ઈરાદો ધરાવી વાદી સદરહુ દાવો લાવેલ હોય અને પ્રતિવાદી નં. ૧/૧ તથા ૧/૩ મિલાપીપણુ કરેલ છે. વાદીએ પ્રતિવાદી પેઢીને સદરહુ બાકી રહેતા અવેજની રકમ ચુકવી દસ્તાવેજ કરાવી લેવા તૈયારી કે ખુશી બતાવેલ ન હોય અને માત્ર પ્લીડીંગ્સ આધારીત રેડી અને વીલીંગનેસ બતાવેલ હોય વાદીનું કથન સંપુર્ણપણે બીનવાસ્તવીક અને ઉપજાવી કાઢેલ છે. સદરહુ દસ્તાવેજોના અવેજની રકમ ભાગીદારી પેઢીના ખાતામાં જમા થઇ ગયેલ હોય પ્રતિવાદી નં. ૨ થી ૪ ના જોગ વેચાણ દસ્તાવેજ કાયદેસર રીતે થયેલ છે તે રેકર્ડ પરથી સાબીત થાય છે. પ્રતિવાદી નં. ૧/૧ તથા ૧/૩ નાઓને કોલ્યુઝનથી સામે જોડી અલગ વકીલ રોકી કબુલાતી જવાબ મેળવી, વાદીનો દાવો મજબુત કરવા અને નામદાર કોર્ટની ખોટી સહાનુભુતી લેવા માટે દાવો દાખલ કરેલ છે. વાદી તથા પ્રતિવાદી નં. ૧ તથા ૧/૩ નામદાર કોર્ટ સમક્ષ ચોખ્ખા હાથે આવેલ ન હોય વાદીનો દાવો રદ થવા પાત્ર છે. જે પ્રતિવાદી નં. ૨ થી ૪ નાએ પ્રતિવાદી નં. ૧/૨ ને પુરેપુરી અવેજની રકમ ચુકવી સદર મિલકતોના દસ્તાવેજો કરાવેલ હોય અને તેમ કરવા પ્રતિવાદી નં. ૧/૨ સંપુર્ણ રીતે ભાગીદારી દસ્તાવેજ મુજબ હકકદાર હોય તથા ભાગીદારી પેઢીને સદર મિલકતોની અવેજની સંપુર્ણ રકમ પેઢી ખાતે જમા થઇ ગયેલ હોય વાદીની દાવા તથા મનાઇઅરજી રદ થવાને પાત્ર છે. વાદીએ વર્ષ ૨૦૧૯ માં કહેવાતુ સાટાખત કરાવી અને ત્યારબાદ સાટાખતની સમય મર્યાદામાં એટલે કે દિવસ – ૯૦ માં કે આજદીન સુધી કોઇ ખુશી કે તૈયારી બતાવેલ ન હોય તેથી સદરહુ દાવામાં વાદીને કોઇપણ પ્રકારની અરજન્સી ન હોય તેવુ રેકર્ડ પરથી ફલિત થાય છે. વાદીનો પ્રથમ દર્શનીય કેસ નથી. બેલેન્સ ઓફ કનવીનીયન્સ વાદીની તરફેણમાં ન હોય, વાદી માંગ્યા મુજબનો મનાઇહુકમ મેળવવા કાયદેસર રીતે હકકદાર થતા નથી. પ્રતિવાદી નં. ૨ થી ૪ સદર મિલકત કોઇ ત્રાહિત વ્યકતિને વેચાણ આપવા નકકી કરેલ નથી કે વેચાણ કે ટ્રાન્સફર કરવા કોઇ કાર્યવાહી કરેલ નથી. તેથી મલ્ટીપ્લીસીટી ઓફ પ્રોસીડીંગ્સ થવાની કોઇ શકયતા રહેલ નથી. આથી વાદીનો દાવો તથા મનાઇ અરજી ખર્ચ સહિત રદ કરવા રજુઆત કરેલ છે.

(૫) વાદી પક્ષે આંક ૩ ના લિસ્ટથી નીચે મુજબનો દસ્તાવેજી પુરાવાની નકલો રજુ કરેલ છે.

૯ માં એડી. સીની. સીવીલ જજ, જામનગર

This is a True Copy of the Court Records Online. Authenticated @ districts.ecourtsindia.com/cnr/GJJM020065682020/truecopy/order-1.pdf

www.ecourtsindia.com

www.ecourtsindia.com



| ક્રમ | દસ્તાવેજની વિગત | તારીખ |
|---|---|---|
| ૧ | વાદી જોગ જીનય એન્ટરપ્રાઇઝ ભાગીદારી પેઢીએ રજીસ્ટર્ડ સાટાખત કરાર (કબ્જારહીત) અનુક્રમ નં. ૧૪૫૪ ની ખરીનકલ | ૧૫.૧૦.૨૦૧૯ |
| ૨ | જીનય એન્ટરપ્રાઇઝના ભાગીદારી પેઢીનાં નોંધણીના દાખલાની પ્રમાણીત નકલ | – |
| ૩ | જીનય એન્ટરપ્રાઇઝના ભાગીદારી પેઢીનાં રજીસ્ટર્ડ ભાગીદારી ફેરફારનો દસ્તાવેજ અનુક્રમ નં. ૩૪૬૯ ની પ્રમાણીત નકલ | ૧૯.૦૮.૨૦૧૬ |
| ૪ | જીનય એન્ટરપ્રાઇઝના ભાગીદારી પેઢીનાં પેઢી જોગના રજીસ્ટર્ડ વેચાણ દસ્તાવેજ અનુક્રમ નં. ૧૨૮૭ ની પ્રમાણીત નકલ | ૨૦.૦૮.૨૦૧૬ |
| ૫ | જીનય એન્ટરપ્રાઇઝના ભાગીદારી પેઢીનાં પેઢી જોગના રજીસ્ટર્ડ વેચાણ દસ્તાવેજ અનુક્રમ નં. ૧૨૮૮ ની પ્રમાણીત નકલ | ૨૦.૦૮.૨૦૧૬ |
| ૬ | પ્રતિવાદી નં. ૨ જોગના રજીસ્ટર્ડ વેચાણ દસ્તાવેજ અનુક્રમ નં. ૮૬૦ ની પ્રમાણીત નકલ | ૧૫.૦૭.૨૦૨૦ |
| ૭ | પ્રતિવાદી નં. ૩ જોગના રજીસ્ટર્ડ વેચાણ દસ્તાવેજ અનુક્રમ નં. ૮૮૨ ની પ્રમાણીત નકલ | ૨૨.૦૭.૨૦૨૦ |
| ૮ | પ્રતિવાદી નં. ૪ જોગના રજીસ્ટર્ડ વેચાણ દસ્તાવેજ અનુક્રમ નં. ૮૮૯ ની પ્રમાણીત નકલ | ૨૨.૦૭.૨૦૨૦ |
| ૯ | પ્રતિવાદી નં. ૩ જોગના રજીસ્ટર્ડ વેચાણ દસ્તાવેજ અનુક્રમ નં. ૮૮૩ ની પ્રમાણીત નકલ | ૨૨.૦૭.૨૦૨૦ |
| ૧૦ | પ્રતિવાદી નં. ૪ જોગના રજીસ્ટર્ડ વેચાણ દસ્તાવેજ અનુક્રમ નં. ૮૮૭ ની પ્રમાણીત નકલ | ૨૨.૦૭.૨૦૨૦ |
| ૧૧ | પ્રતિવાદી નં. ૩ જોગના રજીસ્ટર્ડ વેચાણ દસ્તાવેજ અનુક્રમ નં. ૮૮૪ ની પ્રમાણીત નકલ | ૨૨.૦૭.૨૦૨૦ |
| ૧૨ | પ્રતિવાદી નં. ૪ જોગના રજીસ્ટર્ડ વેચાણ દસ્તાવેજ અનુક્રમ નં. ૮૮૮ ની પ્રમાણીત નકલ | ૨૨.૦૭.૨૦૨૦ |
| ૧૩ | પ્રતિવાદી નં. ૩ જોગના રજીસ્ટર્ડ વેચાણ દસ્તાવેજ અનુક્રમ નં. ૮૮૧ ની પ્રમાણીત નકલ | ૨૨.૦૭.૨૦૨૦ |
| ૧૪ | પ્રતિવાદી નં. ૪ જોગના રજીસ્ટર્ડ વેચાણ દસ્તાવેજ અનુક્રમ નં. ૮૮૫ ની પ્રમાણીત નકલ | ૨૨.૦૭.૨૦૨૦ |
| ૧૫ | પ્રતિવાદી નં. ૪ જોગના રજીસ્ટર્ડ વેચાણ દસ્તાવેજ અનુક્રમ નં. ૯૧૩ ની પ્રમાણીત નકલ | ૨૨.૦૭.૨૦૨૦ |
| ૧૬ | પ્રતિવાદી નં. ૪ જોગના રજીસ્ટર્ડ વેચાણ દસ્તાવેજ અનુક્રમ નં. ૮૮૬ ની પ્રમાણીત નકલ | ૨૨.૦૭.૨૦૨૦ |
| | **વાદી તરફે આંક – ૩૦ ના લિસ્ટ** | |
| ૧૭ | પ્રતિવાદી નં. ૧/૨ વાળાએ નામદાર રાજકોટ કોર્ટમાં દાખલ કરેલ સ્પે. દિ. મુ. નં. ૩૪/૨૦૨૦ ના કામે દાવા અરજી તથા તેના સમર્થનમાં કરેલ સોગંદનામાની ઝેરોક્ષ નકલ | ૧૬.૦૭.૨૦૨૦ |
| ૧૮ | વાદીના બેંક ખાતા અંગે કોટક મહિન્દ્રા બેંક દ્વારા આપવામા આવેલ પ્રમાણપત્રની નકલ | ૦૨.૦૧.૨૦૨૧ |

આ સિવાય વાદી પક્ષે અન્ય કોઇ દસ્તાવેજી પુરાવા રજુ કરેલ નથી.

(૬) પ્રતિવાદી નં. ૧/૧ તથા ૧/૩ તરફે આંક – ૨૧ ના લિસ્ટથી નીચે મુજબનો દસ્તાવેજી પુરાવાની નકલો રજુ કરેલ છે.

| ક્રમ | દસ્તાવેજની વિગત | તારીખ |
|---|---|---|
| ૧ | પ્રતિવાદી નં. ૧/૧ અને ૧/૩ વાળાએ સબ રજીસ્ટ્રારશ્રી કાલાવડ (શીતલા) ને આપેલ વાંધા અરજીની નકલ | ૧૬.૦૭.૨૦૨૦ |
| ૨ | પ્રતિવાદી નં. ૧/૨ ની કાનુની નોટીસની નકલ | ૧૬.૦૭.૨૦૨૦ |
| ૩ | પ્રતિવાદી નં. ૧/૧ અને ૧/૩ વાળાએ આર. ડી. સી. બેંક રાજકોટને કરેલ અરજીની નકલ | ૨૮.૦૯.૨૦૨૦ |

૯ માં એડી. સીની. સીવીલ જજ, જામનગર

This is a True Copy of the Court Records Online. Authenticated @ districts.ecourtsindia.com/cnr/GJJM020065682020/truecopy/order-1.pdf

www.ecourtsindia.com



| | | |
|---|---|---|
| ૪ | પ્રતિવાદી નં. ૧/૧ અને ૧/૩ વાળાએ આર. ડી. સી. બેંક રાજકોટને કરેલ અરજી અન્વયે બેંક તરફથી આપવામા આવેલ પત્ર સાથેના દસ્તાવેજોની નકલ | ૨૮.૦૯.૨૦૨૦ |
| ૫ | પ્રતિવાદી નં. ૧/૧ વાળાએ પ્રતિવાદી નં. ૧/૨ વાળા વિરૂધ્ધ પોલીસ સ્ટેશનમાં કરેલ અરજીની નકલ | ૦૪.૧૦.૨૦૨૦ |
| ૬ | પ્રતિવાદી નં. ૧/૧ વાળાએ પ્રતિવાદી નં. ૧/૨ વાળા વિરૂધ્ધ પોલીસ સ્ટેશનમાં કરેલ અરજીની નકલ | ૦૫.૧૦.૨૦૨૦ |
| ૭ | પ્રતિવાદી નં. ૧/૧ વાળાએ વકીલ મારફત જાહેર નોટીસ પ્રસિધ્ધ કરાવેલ તેની નકલ | ૧૪.૧૦.૨૦૨૦ |
| ૮ | પ્રતિવાદી નં. ૧/૧ વાળાએ વકીલ મારફત જાહેર નોટીસ પ્રસિધ્ધ કરાવેલ તેની નકલ | ૧૪.૧૦.૨૦૨૦ |
| ૯ | પ્રતિવાદી નં. ૧/૧ વાળાએ વકીલ મારફત જાહેર નોટીસ પ્રસિધ્ધ કરાવેલ તેની નકલ | ૧૫.૧૦.૨૦૨૦ |
| ૧૦ | પ્રતિવાદી નં. ૧/૧ વાળાએ પ્રતિવાદી નં. ૧/૨ વાળા વિરૂધ્ધ પોલીસ કમીશ્નરશ્રીને ફરીથી કરેલ અરજીની નકલ | ૦૫.૧૧.૨૦૨૦ |
| ૧૧ | સાવન વેલીના નામે સને ૨૦૨૦ માં ખરીદનારા જોગ કરી આપવામા આવેલ વેચાણ દસ્તાવેજની માહીતી દર્શાવતું ટેબલ | – |

આ સિવાય પ્રતિવાદી નં. ૧/૧ અને ૧/૩ તરફે અન્ય કોઇ દસ્તાવેજી પુરાવા રજુ કરેલ નથી.

પ્રતિવાદી નં. ૧/૨ દ્રારા આંક – ૧૯ ના લિસ્ટથી નીચે મુજબના દસ્તાવેજી પુરાવા રજુ કરેલ છે.

| ક્રમ | દસ્તાવેજની વિગત | તારીખ |
|---|---|---|
| ૧ | જીનય એન્ટરપ્રાઇઝ ભાગીદારી પેઢીના બેંક એકાઉન્ટ નં. ૧૧૪૦૧૧૨૮૪૪૮૭ ના સ્ટેટમેન્ટ તથા રાજકોટ ડી. કો. ઓ. બેંક લી. ની પાસબુકની નકલ, યુનીયન બેંક ઓફ ઇન્ડીયાના પાસબુકની નકલ | – |

પ્રતિવાદી નં. ૧/૨ અન્ય કોઇ દસ્તાવેજી પુરાવા રજુ કરેલ નથી. પ્રતિવાદી નં. ૨, ૩, ૪ તરફે કોઇ દસ્તાવેજી પુરાવાઓ રજુ કરેલ નથી.

**(૭)** પ્રતિવાદી નં. ૧/૧ તથા ૧/૩ ના વિ. વ. શ્રી દ્રારા આંક – ૨૨ થી સી. પી. સી. ઓર્ડર – ૧૧, રૂલ ૧૨, ૧૩, ૧૪ મુજબ ડીસ્કવરી અરજી તા. ૦૨.૧૨.૨૦૨૦ ના રોજ રજુ કરેલ. સદર અરજી સાંભળવા માટે તથા જવાબ રજુ કરવા માટે મુલ્તવી રાખવામા આવેલ. વાદી તથા પ્રતિવાદી પક્ષનાં વિ. વ. શ્રીઓને સાંભળી સદર અરજી નામંજુર કરવાનો હુકમ તા. ૧૮.૦૩.૨૦૨૧ ના રોજ કરવામા આવેલ.

**(૮)** વાદી વકીલશ્રી એમ. એલ. પટેલ દ્રારા આંક – ૨૩ થી પુરસીસ રજુ કરેલ છે જેમાં તેઓએ જણાવેલ છે કે, " આ કામે અમોએ આંક – ૫ ની અરજીમાં માંગેલ દાદ પ્રતિવાદી નં. ૨ થી ૪ વાળાઓ સામે માંગેલ છે. પ્રતિવાદી નં. ૧/૧ થી ૧/૩ વાળા સામે આંક – ૫ ની અરજીની કોઇ દાદ મળવા માંગણી નથી તેમ આથી જાહેર કરીએ છીએ. "

**૯ માં એડી. સીની. સીવીલ જજ, જામનગર**

This is a True Copy of the Court Records Online. Authenticated @ districts.ecourtsindia.com/cnr/GJJM020065682020/truecopy/order-1.pdf

(૯) વાદી પક્ષે આંક – ૩૫ થી તા. ૧૬.૦૯.૨૦૨૧ ના રોજ કાઉન્ટર એફીડેવીટ રજુ કરેલ છે. જેમાં જણાવેલ છે કે, વાદીને બેંક તરફથી આપવામા આવેલ સર્ટીફીકેટ માર્ક ૨૦/૨ મુજબ રૂ. ૧૯,૦૦,૦૦૦/– વાદીના ખાતામાંથી જીનય એન્ટરપ્રાઇઝના ખાતામાં જમા થઇ ગયેલ છે. વાદીએ બાકી રહેલી અવેજની રકમ રૂ. ૧,૦૦,૦૦૦/– ચુકવવા અનેક વખત ત્રણેય ભાગીદારોને રૂબરૂ જાણ કરેલી હતી પરંતુ ભાગીદારો વચ્ચે આંતરીક વિવાદ ચાલતો હોય જે સંદર્ભે પ્રતિવાદી નં. ૧ ના કુલ બે બેંકમા આવેલ ખાતાઓ ફ્રીજ થઇ ગયેલ હોય જેથી વાદીને અવેજ પૈકીની બાકી રહેલ રકમ રૂ. ૧,૦૦,૦૦૦/– તેઓ સ્વીકારી શકે તેમ ન હોય તેવુ જણાવેલ. વાદી આ રકમ નામદાર કોર્ટમાં જમા કરાવી આપવા તૈયાર અને ખુશી છે. દાવાજવાબના પેરા – ૮ માં પ્રતિવાદી નં. ૧/૨ એ પોતાની પેઢીના સરનામાને તથા પોતાના વ્યવસાયને ડિનાઇલ કરેલ છે. તેમજ નામદાર રાજકોટ કોર્ટમાં ચાલતા દાવાને પણ ડિનાઇલ કરેલ છે જેથી પ્રતિવાદી નં. ૧/૨ ચોખ્ખા હાથે આવેલ નથી. પ્રતિવાદી નં. ૧ ના ભાગીદારો વચ્ચે આંતરીક વિવાદ હોય તે નિશ્ચિત છે. પ્રતિવાદી નં. ૧/૨ વાળાએ પ્રતિવાદી નં. ૨ થી ૪ વાળા જોગ વેચાણ દસ્તાવેજ અન્ય ભાગીદારોની જાણ બહાર મિલાપીપણામાં કરી આપ્યાનું પણ નિશ્ચીત છે. જીનય એન્ટરપ્રાઇઝના નામથી ચાલતી ભાગીદારી પેઢીના રાજકોટ ડીસ્ટ્રીકટ કો. ઓ. બેંક મહિલા શાખા રાજકોટના એકાઉન્ટ નં. ૧૧૪૦૧૧૨૮૪૮૭ નું એકાઉન્ટ ઓપનીંગ ફોર્મમા તા. ૨૮.૦૭.૨૦૨૦ બતાવે છે. જયારે પક્ષકારો વચ્ચે ૧૬.૦૭.૨૦૨૦ થી લીટીગેશન શરૂ થઇ ગયેલ હોય ત્યારે કોઇ ભાગીદાર લીટીગેશન શરૂ થયાના ૧૨ દિવસ બાદ બેંક એકાઉન્ટ ઓપન કરવા સાથે જાય તે વાત માની શકાય તેવી નથી. પ્રતિવાદી નં. ૨ થી ૪ શુદ્ધબુધ્ધિ પુર્વકના ખરીદનાર હોવાનું ખરૂ નથી.

(૧૦) **<u>દલીલો –</u>** વાદીના વિ. વ. શ્રી એમ. એલ. પટેલની દલીલોમાં મુખ્યત્વે રજુઆત છે કે વાદીએ રજીસ્ટર્ડ સાટાખત દ્વારા વાદગ્રસ્ત જગ્યા ખરીદ કરવા નકકી કરેલ. પ્રતિવાદી નં. ૧ પેઢીના પ્રતિવાદી નં. ૧/૧ થી ૧/૩ ભાગીદારો છે. નિ. ૩/૧ થી રજુ સાટાખત વાદીની તરફેણમાં છે. પ્રતિવાદી નં. ૧/૩ એ આ સાટાખત કરી આપવાની સતા હોવાથી કરી આપેલ છે, વાદીએ ચેકથી પેમેન્ટ કરેલ છે. વાદીએ કોટક મહીન્દ્રા બેંકના ખાતા દ્વારા નાણા ચુકવ્યા તે અંગેનું સર્ટીફીકેટ રજુ કરેલ છે. કોવીડ–૧૯ ના કારણે પ્રતિવાદી પેઢીએ ચેક જમા નહિં કરાવતા વાદીએ ચેક રીવેલીડેટ કરી આપેલ. કરારના પેરા – ૨ માં ૯૦ દિવસની મુદત આપેલ છે. કરાર મુદત બાદ ચેક રીવેલીડેટ કરી નાણા સ્વીકારેલ છે.

૯ મા એડી. સીની. સીવીલ જજ, જામનગર

This is a True Copy of the Court Records Online. Authenticated @ districts.ecourtsindia.com/cnr/GJJM020065682020/truecopy/order-1.pdf

વાદીનો ચેક તા. ૦૨.૦૬.૨૦૨૦ ના રોજ સ્વીકારેલ છે ત્યારબાદ ૨૯.૦૯.૨૦૨૦ ના રોજ દાવો દાખલ કરેલ છે. સદર દસ્તાવેજો તા. ૧૫.૦૭.૨૦૨૦ તથા તા. ૨૨.૦૭.૨૦૨૦ ના રોજના છે. વાદી પાસેથી તા. ૦૨.૦૬.૨૦૨૦ ના રોજ અવેજ સ્વીકાર્યા બાદ દોઢ મહિના પછી પહેલો દસ્તાવેજ કરી આપવામા આવેલ. પ્રતિવાદી નં. ૧/૧ તથા વાદી સાળા બનેવી થાય છે. આંક – ૨૦ થી રજુ લેખીત જવાબમાં પ્રતિવાદી નં. ૧/૧ તથા ૧/૩ એ વાદીના દાવા તથા મનાઇ અરજીનું સમર્થન કરેલ છે. વાદીનો પ્રથમ દર્શનીય ટ્રાયલ માટે ખુબ સારો કેસ છે. વાદગ્રસ્ત મિલકતોના ટાઇટલ તથા પઝેશન બદલાય જાય તો મલ્ટીપ્લીસીટી ઓફ પ્રોસીડીંગ થાય તેમ છે આથી માંગ્યા મુજબનો મનાઇ હુકમ આપવા માંગણી કરેલ છે.

**(૧૦.૧)** પ્રતિવાદી નં. ૧/૨ તથા ૨, ૩, ૪ ના વિ. વ. શ્રી એ. એચ. જોષીની દલીલોમાં મુખ્યત્વે રજુઆત છે કે, વાદીએ તા. ૨૯.૦૯.૨૦૨૦ ના રોજ દાવો દાખલ કર્યો ત્યારથી આજદીન સુધી પ્રતિવાદી નં. ૨ થી ૪ દાવાવાળી મિલકત વેચાણ કરવા માંગે છે તેવો કોઇ ડોક્યુમેન્ટ રજુ કરેલ નથી કે તેઓ કોઇ મિલકત વેચી નાખે તેવી શકયતા હોય તેવું પ્લીડીંગ્સમાં જણાવેલ નથી. વાદી તથા પ્રતિવાદી નં. ૧/૧ સાળા બનેવી થાય છે. ભાગીદારી પેઢીના ભાગીદારો વચ્ચે વીખવાદો ચાલતા હતા જેથી સાટાખત કરાવી લીધેલ. સાટાખત અંગે પ્રતિવાદી નં. ૨ થી ૪ ને કોઇ જાણ નથી. વાદીએ ચેક રીવેલીડેટ કરવા માટે મૌખિક સમજુતી થયેલ તેવુ જણાવે છે તે માટે પુરાવો લેવો પડે. સમય મર્યાદા કરારનું આવશ્યક તત્વ છે. તા. ૧૫.૧૦.૨૦૧૯ બાદ લોકડાઉન માર્ચ ૨૦૨૦ માં આવેલ. ત્રણ મહિનામા પેમેન્ટ થયેલ નથી. કોણે ચેક રીવેલીડેટ કરી આપેલ તેનુ નામ લખેલ નથી. વાદી તથા પ્રતિવાદી નં. ૧/૧, ૧/૩ એ મલ્ટીપ્લીસીટી ઓફ પ્રોસીડીંગ કરેલ છે. વાદીને કોઇ નુકશાન થાય તેમ નથી. વાદીએ એક વર્ષ થયેલ હોવા છતા કોઇ અરજન્સી બતાવેલ નથી. આથી વાદીની અરજી ખર્ચ સહિત રદ કરવા માંગણી કરેલ છે. પ્રતિવાદી નં. ૧/૧ તથા ૧/૩ નાએ વાદીની સાથેના મેળાપીપણામાં લેખીત દલીલો રજુ કરેલ છે. પ્રતિવાદીએ દાવો દાખલ કરતા અગાઉ રેડી અને વીલીંગનેસ દર્શાવવા નોટીસ વ્યવહાર કરેલ નથી.

**(૧૦.૨)** પ્રતિવાદી નં. ૧/૧ તથા ૧/૩ ના વિ.વ.શ્રીએ તા. ૨૯.૧૨.૨૦૨૧ ના રોજ લેખીત દલીલો રજુ કરેલ છે જેમાં વાદી પક્ષને સમર્થન કરેલ છે જે લેખીત દલીલો વંચાણે લીધી. રીપ્લાયમાં વાદી વકીલશ્રીની રજુઆત છે કે, વાદીનો કરાર તા. ૧૫.૧૦.૨૦૧૯ ના રોજનો છે. વાદીને ભાગીદારી

૯ મા એડી. સીની. સીવીલ જજ, જામનગર

This is a True Copy of the Court Records Online. Authenticated @ districts.ecourtsindia.com/cnr/GJJM020065682020/truecopy/order-1.pdf
www.ecourtsindia.com

પેઢી સાથે નિસ્બત છે. વાદીનો ચેક રીવેલીડિટ કરવામા આવેલ. પ્રતિવાદી નં. ૧/૨ તથા ૨, ૩, ૪ મેળાપીપણામાં છે. પેઢીએ બે જણા પાસેથી પૈસા લીધેલ છે. પ્રતિવાદીએ વિવાદ બાદ ખાતુ ખોલાવેલ છે. દાવા પહેલા વેચાણ દસ્તાવેજ કરી નાખેલ આથી નોટીસ વ્યવહાર કાઢવા માટે સમય રહેલ નથી.

**(૧૧)** મનાઇ અરજીના નિર્ણય માટે મારી સમક્ષ નીચે મુજબના મુદાઓ ઉપસ્થિત થાય છે.

**મુ દા ઓ**

૧. શું વાદીઓનો પ્રથમ દર્શનીય કેસ છે ?

૨. શું સગવડ–અગવડની સમતુલા વાદીઓની તરફેણમાં છે ?

૩. શું વાદીઓને માંગ્યા મુજબનો મનાઈ હુકમ ન આપવામાં આવે તો નાણાંથી ભરપાઈ ન થઈ શકે તેવું નુકશાન થાય તેમ છે ?

૪. શું હુકમ ?

**(૧૨)** ઉપરોકત મુદ્દાઓ માટેના મારા નિર્ણયો નીચે મુજબ છે :–

(૧) નકારમાં
(૨) નકારમાં
(૩) નકારમાં
(૪) આખરી હુકમ મુજબ

**(૧૩)** **– કારણો –**

વાદી પક્ષે સદરહુ દાવો કરારના વિશિષ્ટ પાલન, રજીસ્ટર્ડ વેચાણ દસ્તાવેજ રદ કરવા તેમજ કાયમી મનાઇ હુકમ અને ડેકલેરેશન મેળવવા માટે તા. ૨૯/૦૯/૨૦૨૦ ના રોજ દાખલ કરેલ છે. વાદીએ **નિ. ૩/૧** થી કાલાવડ સબ રજીસ્ટ્રાર કચેરીમાં અનુક્રમ નં. ૧૪૫૪, તા. ૧૫.૧૦.૨૦૧૯ ના રોજ રજીસ્ટર્ડ થયેલ સાટાખત કરાર (કબ્જારહીત) ની ખરીનકલ રજુ કરેલ છે. સદર કરારમાં લખાવી લેનાર તરીકે વાદીનું નામ છે. લખી આપનાર તરીકે જીનય એન્ટરપ્રાઇઝ ભાગીદારી પેઢીના ભાગીદાર જાતે તથા અન્ય ભાગીદારના અધિકૃત વહીવટકર્તા દરજજે ધીરજલાલ મોહનલાલ સોરઠીયા છે. વેચાણ આપેલ મિલકત તરીકે દાવામા નિશાની – અ ની ટીપમાં દર્શાવેલ મિલકતો છે. સદર વેચાણ કરારમાં અવેજની રકમ રૂ. ૨૦,૦૦,૦૦૦/– પૈકી રૂ. ૧૯,૦૦,૦૦૦/– કોટક મહીન્દ્રા બેંકના ચેક નં. ૦૦૦૦૦૨ થી તા. ૧૫.૧૦.૨૦૧૯ ના રોજ ચુકવવામા આવેલ હોવાનું દર્શાવેલ છે.

૯ માં એડી. સીની. સીવીલ જજ, જામનગર

This is a True Copy of the Court Records Online. Authenticated @ districts.ecourtsindia.com/cnr/GJJM020065682020/truecopy/order-1.pdf

www.ecourtsindia.com

સદર કરારમાં ઓળખ આપનાર તરીકે અવધ રમેશભાઇ ભાલારા અને રવજીભાઇ લાલજીભાઇ તંતીએ સાહેદ તરીકે સહીઓ કરેલ છે. સદર કરાર જીનય એન્ટરપ્રાઇઝ ભાગીદારી પેઢીના ભાગીદારો પૈકી પ્રતિવાદી નં. ૧/૩ નાઓએ સહી કરેલ છે. પ્રતિવાદી નં. ૧/૩ ધીરજલાલ મોહનલાલ સોરઠીયાની ઉંમર સદર વેચાણ કરારમાં " ૩૩ " દર્શાવેલ છે. જયારે હાલના દાવામાં તેઓની ઉંમર " ૬૫ " વર્ષની દર્શાવેલ છે. દાવા અરજીમાં પ્રતિવાદી નં. ૧/૧ જયેશ ધીરજલાલ સોરઠીયાની ઉંમર " ૩૪ " દર્શાવેલ છે. વાદી તથા પ્રતિવાદી નં. ૧/૧ સાળા બનેવી થાય છે. પ્રતિવાદી નં. ૧/૧ એ પ્રતિવાદી નં. ૧/૩ ના પુત્ર થાય છે. તેઓના સરનામા દાવાઅરજીમાં એકસમાન છે. પ્રતિવાદી નં. ૧/૧ તથા પ્રતિવાદી નં. ૧/૩ નાએ પોતાના આંક – ૨૦ ના લેખીત જવાબમાં વાદીની દાવા તથા મનાઇઅરજીની વિગતોનું સમર્થન કરેલ છે. આમ, વાદી તથા પ્રતિવાદી નં. ૧/૧ તથા ૧/૩ એક સરખા હિત ધરાવનાર પક્ષકારો છે. વાદીપક્ષે **નિ. ૩/૨** થી ભાગીદારીમાં ફેરફારના દસ્તાવેજની ખરીનકલ રજુ કરેલ છે. સદર દસ્તાવેજ તા. ૧૬.૦૮.૨૦૧૬ ના રોજ રાજકોટ સબ રજીસ્ટ્રાર કચેરીના અનુક્રમ નં. ૩૪૬૯, તા. ૧૯.૦૮.૨૦૧૬ ના રોજ નોંધાયેલ છે. સદર ફેરફાર દસ્તાવેજ દ્વારા ધીરજ મોહનભાઇ સોરઠીયાનું નામ ભાગીદારી પેઢીમાં ભાગીદાર તરીકે ઉમેરવામાં આવે છે તથા ભાગીદારી પેઢીનું નામ કૃષી એન્ટરપ્રાઇઝ માંથી ફેરવી જીનય એન્ટરપ્રાઇઝ કરવામા આવેલ તથા ભાગીદારીનો ધંધાનો પ્રકાર ખેતીના ઓઝારો તથા કમીશન એજન્ટમાંથી ફેરવી પ્રોપર્ટી ડેવલપર્સ, સીવીલ, મીકેનીકલ અને લેબર કોન્ટ્રાકટર તથા રીયલ એસ્ટેટને લગતો ધંધો કરવાનું નકકી કરવામાં આવેલ. સદર ભાગીદારીનો દસ્તાવેજમાં જો ભાગીદારો વચ્ચે મતભેદ થાય તો સીધા કોર્ટમાં ન જતાં ધ આરબીટ્રેશન એકટ ૧૯૪૦ હેઠળ મતભેદનું નિવારણ કરવાની જોગવાઇ કરવામાં આવેલ. પ્રતિવાદી નં. ૧/૧ થી ૧/૩ ના એ આરબીટ્રેશન કલોઝ મુજબ કાર્યવાહી કરેલ હોવાનું રેકર્ડ ઉપર આવેલ નથી. વાદી પક્ષે **નિ. ૩/૩** જીનય એન્ટરપ્રાઇઝ ભાગીદારી પેઢીના નોંધણીના દાખલાની ખરીનકલ રજુ કરેલ છે. વાદી પક્ષે **નિ. ૩/૪** થી વેચાણ દસ્તાવેજ અનુક્રમ નં. ૧૨૮૭, તા. ૨૦.૦૮.૨૦૧૬ ની ખરીનકલ રજુ કરેલ છે. સદર વેચાણ દસ્તાવેજ દ્વારા જીનય એન્ટરપ્રાઇઝના નામથી ચાલતી ભાગીદારી પેઢીના ભાગીદારોએ સાવન વેલીમાં આવેલ પ્લોટ નં. ૭૧ થી ૧૦૬ વેચાણ રાખેલ. સદર વેચાણ દસ્તાવેજમાં વેચાણ રાખનાર તરીકે જીનય એન્ટરપ્રાઇઝના નામથી ચાલતી ભાગીદારી પેઢીના ભાગીદારો કે જેઓ આ કામના પ્રતિવાદી નં. ૧/૧ થી ૧/૩ એ પ્રતિવાદી નં. ૧/૧ તથા ૧/૩ પાસેથી વેચાણ રાખેલી.

**૯ માં એડી. સીની. સીવીલ જજ, જામનગર**

This is a True Copy of the Court Records Online. Authenticated @ districts.ecourtsindia.com/cnr/GJJM020065682020/truecopy/order-1.pdf

www.ecourtsindia.com

આમ, સદરહુ વેચાણ દસ્તાવેજ દ્વારા પ્રતિવાદી નં. ૧/૧ તથા ૧/૩ ની અંગત માલીકીની મિલકત ભાગીદારી પેઢી દ્વારા ખરીદ કરી પેઢીમાં સામેલ કરવામા આવેલ. વાદી પક્ષે **નિ. ૩/૫** થી વેચાણ દસ્તાવેજ અનુક્રમ નં. ૧૨૮૮, તા. ૧૨.૦૮.૨૦૧૬ ની ખરીનકલ રજુ કરેલ છે. સદર વેચાણ દસ્તાવેજ દ્વારા જીનય એન્ટરપ્રાઇઝના નામથી ચાલતી ભાગીદારી પેઢીના ભાગીદારો કે જેઓ આ કામના પ્રતિવાદી નં. ૧/૧ થી ૧/૩ એ સંજયભાઇ વશરામભાઇ ડાંગરીયા તથા જીતેન્દ્રભાઇ વીરજીભાઇ લીંબાસીયા પાસેથી સાવન વેલીમાં આવેલ પ્લોટ નં. ૧ થી ૧૨ તથા ૧૭ થી ૬૪ તથા ૬૬ થી ૭૦ વેચાણ રાખેલ. વાદી પક્ષે **નિ. ૩/૬ થી ૩/૧૬** સુધી રજીસ્ટર્ડ વેચાણ દસ્તાવેજની ખરીનકલો રજુ કરેલ છે. જે વેચાણ દસ્તાવેજો પ્રતિવાદી નં. ૧/૨ નાએ વાદગ્રસ્ત મિલકત સંદર્ભે પ્રતિવાદી નં. ૨ થી ૪ ને કરી આપેલ છે. વાદીપક્ષે સદરહુ વેચાણ દસ્તાવેજો નિરર્થક અને રદબાતલ જાહેર કરવાની દાદ દાવા અરજીમાં માંગેલ છે. સદરહુ વેચાણ દસ્તાવેજો પ્રતિવાદી નં. ૧/૨ નાએ જીનય એન્ટરપ્રાઇઝ ભાગીદારી પેઢીનાં ભાગીદાર તરીકે કરી આપેલ છે. આમ, નિશાની ૩/૧ તથા ૩/૬ થી ૩/૧૬ ના રજીસ્ટર્ડ લેખો જીનય એન્ટરપ્રાઇઝ ભાગીદારી પેઢીનાં ભાગીદારો દ્વારા નિ. ૩/૨ થી રજુ ભાગીદારીના લેખ દ્વારા મળેલ સતાની રૂએ કરી આપેલ હોવાનું પ્લીડીંગ્સ ઉપરથી ફલિત થાય છે.

**(૧૩.૧)** પ્રતિવાદી નં. ૧/૨ દ્વારા **નિ. ૧૯/૧** થી જીનય એન્ટરપ્રાઇઝના એકાઉન્ટ નં. ૧૧૪૦૧૧૨૮૪૮૭ ના સ્ટેટમેન્ટની નકલ રજુ કરેલ. સદર એકાઉન્ટમાં નિ. ૩/૬ થી નિ. ૩/૧૬ ના વેચાણ દસ્તાવેજોમાં દર્શાવેલ વેચાણ અવેજની રકમ જમા કરાવવામાં આવેલ હોવાનું જોઇ શકાય છે.

**(૧૩.૨)** પ્રતિવાદી નં. ૧/૧ તથા ૧/૩ દ્વારા **નિ. ૨૧/૧** થી સબરજીસ્ટ્રારશ્રી કાલાવડ (શીતલા) ને તા. ૧૬.૦૭.૨૦૨૦ ના રોજ આપેલ વાંધા અરજીની નકલ રજુ કરેલ છે. સદર વાંધા અરજીમાં પ્રતિવાદી નં. ૧/૧ તથા ૧/૩ ના એ જીન્ય એન્ટરપ્રાઇઝ ભાગીદારી પેઢીની માલીકીની મિલકતોમાં વણવેચાયેલો તેઓનો ૬૬ ટકા હિસ્સો હોય સદર મિલકતો / પ્લોટો, સબ પ્લોટો વિગેરે નોંધણી નહિં કરવા રજુઆત કરેલ. સદર વાંધા અરજીમાં પેરા – ૨, પાના નં. ૨ ઉપર જણાવેલ છે કે, " આ મિલકત અંગે અમારી ભાગીદારી પેઢીમાં અમોએ કોઇને પણ અમારા હિસ્સા અંગે કાર્યવાહી કરવા પ્લોટસ, સબપ્લોટ તથા ઉભા ઇમલા સહિતના મકાનમાં ઉપરોકત મિલકત સંબંધે આ ભાગીદારી પેઢીમાં આપેલ પાવર અમો તા. ૧૬.૦૭.૨૦૨૦ ના રોજથી રદ કરેલ છે. તેમજ આ



This is a True Copy of the Court Records Online. Authenticated @ districts.ecourtsindia.com/cnr/GJJM020065682020/truecopy/order-1.pdf

ભાગીદારી પેઢીનાં ત્રણેય ભાગીદારને રૂબરૂ સંમતિ સિવાય નોંધણી કરવી નહિં." વાદી વકીલશ્રીની દલીલોમાં રજુઆત કરેલ છે કે, સદરહુ વાંધા અરજી તા. ૧૬.૦૭.૨૦૨૦ ના રોજ કલાક ૧૪.૫૦ વાગ્યે સબ રજીસ્ટ્રારશ્રીએ રીસીવ કરેલ હોવા છતા ત્યારબાદ પણ નિ. ૩/૭ થી ૩/૧૬ ના વેચાણ દસ્તાવેજોની નોંધણી કરવામા આવેલ છે. **<u>નિ. ૨૧/૨</u>** થી પ્રતિવાદી નં. ૧/૨ દ્વારા પ્રતિવાદી નં. ૧/૧ તથા ૧/૩ તથા જગદીશભાઇ કરશનભાઇ ભુવા, હીતેષભાઇ પ્રેમજીભાઇ સેલીયા, પરેશભાઇ પ્રેમજીભાઇ સેલીયાને લીગલ નોટીસ મેસર્સ તથ્ય એન્ટરપ્રાઇઝ ભાગીદારી પેઢી અંગે તા. ૧૬.૦૭.૨૦૨૦ ના રોજ આપેલ તેની નકલ રજુ કરેલ છે. સદર નોટીસમાં પેરા – ૨ માં જણાવેલ છે કે, પ્રતિવાદી નં. ૧/૧ તથા ૧/૩ અને અન્ય ભાગીદારો નજીકના સગા થતા હોય પ્રતિવાદી નં. ૧/૨ નું ભાગીદારી પેઢીમાં રહેલ હકક, હિત, હિસ્સા વિરૂધ્ધનું કૃત્ય કરી રહેલ છે તથા માર્કેટ રેટ કરતા નજીવી કિંમતે સાટાખત અનુક્રમ નં. ૩૯૨૬, તા. ૨૦.૦૬.૨૦૨૦ પ્રતિવાદી નં. ૧/૨ ની સંમતિ વિના કરી આપેલ. સદર લીગલ નોટીસમાં રાજકોટ મુકામે મેસર્સ તથ્ય ભાગીદાર પેઢીની સ્થાવર મિલકત અંગેની તકરારો વિશેનું વર્ણન કરવામા આવેલ છે જેમા પ્રતિવાદી નં. ૧/૨ નો ૧૨.૫ ટકા હકક, હિત, હિસ્સો સમાયેલો. **<u>નિ. ૨૧/૩</u>** થી પ્રતિવાદી નં. ૧/૧ તથા ૧/૩ ના એ મેનેજરશ્રી આર. ડી. સી. બેંક મેઇન બ્રાંચ રાજકોટને જીનય એન્ટરપ્રાઇઝના નામથી ભાગીદારી પેઢીના બેંક એકાઉન્ટ વિગતો મેળવવા માટે કરેલ અરજી તા. ૨૮.૦૯.૨૦૨૦ ની નકલ રજુ કરેલ છે. સદર અરજી સંદર્ભે **નિ. ૨૧/૪** થી રજુ પત્ર અનુસાર માહીતી પ્રતિવાદી નં. ૧/૧ તથા ૧/૩ ને આપવામાં આવેલ. સદર નિ. ૨૧/૪ અનુસાર જીનય એન્ટરપ્રાઇઝ ભાગીદારી પેઢીનું કરંટ એકાઉન્ટ તા. ૨૮.૦૭.૨૦૨૦ ના રોજ ખોલવામાં આવેલ. જેમાં ખાતુ ખોલાવતી વખતે કે. વાય. સી. ફોર્મ, ભાગીદારી ડીડ, ભાગીદારોના ઓળખકાર્ડ વિગેરે આપેલ તે ધ્યાને લઇ તમામ ઓરીજનલ આઇ. ડી. પ્રુફ વિગેરે ચકાસીને ખાતુ ખોલવામા આવેલ તેવુ બ્રાંચ મેનેજરશ્રીએ જવાબમાં જણાવેલ છે. જેની નકલો સદર પત્ર સાથે આપવામાં આવેલ. સદર બેંક એકાઉન્ટ ઓપન કરવાના ફોર્મમાં જયેશ ધીરજલાલ સોરઠીયાની જન્મ તારીખ ૦૪.૦૯.૧૯૫૯ દર્શાવેલ છે જયારે આધારકાર્ડમાં તેઓની ઉમર ૨૯.૦૬.૧૯૮૯ દર્શાવેલ છે. સદર જન્મ તારીખ ૦૪.૦૯.૧૯૫૯ ધીરજલાલ મોહનલાલ સોરઠીયાની હોવાનું પાનકાર્ડની નકલ ઉપરથી જણાય છે. **નિ. ૨૧/૫** થી પ્રતિવાદી નં. ૧/૧ નાએ પ્રતિવાદી નં. ૧/૨ વિરૂધ્ધ પી.આઇ. શ્રી ગાંધીગ્રામ – ૨ (યુની.) પો. સ્ટે. રાજકોટ શહેર, રાજકોટનાઓને



This is a True Copy of the Court Records Online. Authenticated @ districts.ecourtsindia.com/cnr/GJJM020065682020/truecopy/order-1.pdf

www.ecourtsindia.com

તા. ૦૪.૧૦.૨૦૨૦ ના રોજ બોગસ દસ્તાવેજો બનાવી તેનો ખરા તરીકે ઉપયોગ કરવા અંગેની લેખીત ફરીયાદ આપેલ છે. **નિ. ૨૧/૬** થી નિ. ૨૧/૫ મુજબની ફરીયાદ પોલીસ કમીશ્નરશ્રી રાજકોટને આપેલ છે. **<u>નિ. ૨૧/૭, ૨૧/૮ તથા ૨૧/૯</u>** થી વર્તમાન પત્રમાં આપેલ જાહેર નોટીસની નકલો છે. **નિ. ૨૧/૧૦** થી પોલીસ કમીશ્નરશ્રી રાજકોટને તા. ૦૫.૧૧.૨૦૨૦ ના રોજ કરેલ લેખીત ફરીયાદની નકલ રજુ કરેલ છે. **<u>નિ. ૨૧/૧૧</u>** થી સાવન વેલીના સને ૨૦૨૦ માં ખરીદનારા જોગ કરી આપવામા આવેલ વેચાણ દસ્તાવેજની માહીતી દર્શાવતુ ટેબલ રજુ કરેલ છે. આમ, પ્રતિવાદી નં. ૧/૧ નાએ પ્રતિવાદી નં. ૧/૨ વિરૂધ્ધ નિ. ૨૧/૫, ૨૧/૬ તથા ૨૧/૧૦ મુજબની લેખીત ફરીયાદ રાજકોટ મુકામે કરેલ છે. નિ. ૩/૧ થી રજુ કરાર કરી આપનાર પ્રતિવાદી નં. ૧/૩ ના એ પ્રતિવાદી નં. ૧/૨ વિરૂધ્ધ આવી ફરીયાદ કરેલ હોવાનું રેકર્ડ ઉપર આવેલ નથી.

**(૧૩.૩)** વાદીપક્ષે **<u>નિ. ૩૦/૧</u>** થી નામદાર રાજકોટ કોર્ટમાં ચાલતા સ્પે. દી. મુ. નં. ૩૪/ ૨૦૨૦ ની દાવાઅરજીની નકલ રજુ કરેલ છે. સદર દાવો તા. ૧૬.૦૭.૨૦૨૦ ના રોજ દાખલ કરવામાં આવેલ છે. સદર દાવામાં વાદી તરીકે આ દાવાના પ્રતિવાદી નં. ૧/૨ તથા પ્રતિવાદી તરીકે આ દાવાના પ્રતિવાદી નં. ૧/૧, ૧/૨ ઉપરાંત જગદીશભાઇ કરશનભાઇ ભુવા, હીતેષભાઇ પ્રેમજીભાઇ સેલીયા, પરેશભાઇ પ્રેમજીભાઇ સેલીયા, મેસર્સ તથ્ય એન્ટરપ્રાઇઝ નામની ભાગીદારી પેઢીના ભાગીદારો દર્શનભાઇ જગદીશભાઇ ભુવા (આ કામના વાદી), સંદીપભાઇ રવજીભાઇ તંતી, જનકભાઇ કરમશીભાઇ ભટ્ટી, સુરેશભાઇ કરમશીભાઇ ભટ્ટી, શ્રી વાસુ રમેશચંદ્ર લાલાણી તે એચ. યુ. એફ. ના કર્તા તથા ભરતભાઇ ઉકાભાઇ પરસાણા તરીકે દર્શાવેલ છે. સદર દાવો રજીસ્ટર્ડ સાટાખત અનુક્રમ નં. ૩૦૨૬, તા. ૨૦.૦૫.૨૦૨૦ રદ કરવા માટે દાખલ કરેલ. સદર દાવાના પેરા –૨ માં સદર પક્ષકારો વચ્ચેના સંબંધો દર્શાવેલ છે. જેમાં " વાદી તથા પ્રતિવાદી નં. ૧ તથા ૨ તેમજ પ્રતિવાદી નં. ૬ થી ૧૧ મેસર્સ તથ્ય એન્ટરપ્રાઇઝના નામે ભાગીદારી પેઢીના ભાગીદાર છીએ " તેવું જણાવેલ છે. આમ, પ્રતિવાદી નં. ૧/૧ થી ૧/૩ જીનય એન્ટરપ્રાઇઝ તથા મેસર્સ તથ્ય એન્ટરપ્રાઇઝના ભાગીદારો છે. બંને ભાગીદારી પેઢી રાજકોટ મુકામે નોંધાયેલ છે. આ કામે મેસર્સ તથ્ય એન્ટરપ્રાઇઝ ભાગીદારી પેઢીના ભાગીદારીના દસ્તાવેજની નકલ રજુ કરેલ નથી. આ કામના વાદી દર્શન જગદીશ ભુવા પોતે મેસર્સ તથ્ય એન્ટરપ્રાઇઝ ભાગીદારી પેઢીના ભાગીદાર છે. તેવુ નિ. ૩૦/૧ ઉપરથી ફલિત થાય છે. આમ, વાદી મેસર્સ તથ્ય એન્ટરપ્રાઇઝમાં ભાગીદાર હોવાથી તથા



This is a True Copy of the Court Records Online. Authenticated @ districts.ecourtsindia.com/cnr/GJJM020065682020/truecopy/order-1.pdf

www.ecourtsindia.com

પ્રતિવાદી નં. ૧/૧ ના એકસાથે કૌટુંબીક સંબંધ ધરાવતા હોવાથી પ્રતિવાદી નં. ૧/૧ તથા ૧/૩ ની વ્યવસાયીક પ્રવૃતિથી સંપુર્ણપણે માહીતગાર હોવાનું અનુમાન કરી શકાય.

**(૧૩.૪)** પ્રતિવાદી નં. ૧/૧ થી ૧/૩ નાએ નિ. ૩/૩ થી રજુ ભાગીદારીમાં ફેરફારનો દસ્તાવેજમાં ભાગીદારો વચ્ચે જે શરતો નં. ૧ થી ૧૮ સુધી નકકી કરેલ તે શરતો રદ કરી હોવા અંગે, તેમાં ફેરફાર કરેલ હોવા અંગેનો કોઇ દસ્તાવેજી પુરાવો આ કામે રજુ કરેલ નથી. નિ. ૩/૩ થી રજુ ભાગીદારીના લેખ અન્વયે મળેલ સતાઓ અનુસાર પ્રતિવાદી નં. ૧/૩ નાએ નિ. ૩/૧ થી રજુ રજીસ્ટર્ડ સાટાખત કરાર કરી આપેલ હોવાનું પ્રાઇમાફેસી જણાય છે. તે જ પ્રમાણે સદર નિ. ૩/૩ થી રજુ ભાગીદારીના લેખ અન્વયે મળેલ સતા અનુસાર પ્રતિવાદી નં. ૧/૨ નાએ નિ. ૩/૬ થી નિ. ૩/૧૬ સુધીના વેચાણ દસ્તાવેજો કરી આપેલ હોવાનું પ્રાઇમાફેસી જણાય છે. નિ. ૩/૩ થી રજુ ભાગીદારીના રજીસ્ટર્ડ લેખમાં પ્રતિવાદી નં. ૧/૧ થી ૧/૩ વચ્ચે વિવાદ ઉત્પન્ન થાય ત્યારે તેના નિરાકરણ માટે લવાદ અંગેની શરત કરવામા આવેલ છે. આ શરત મુજબ પ્રતિવાદી નં. ૧/૧ થી ૧/૩ ના એ કોઇ કાર્યવાહી કરી હોય તેવુ રેકર્ડ ઉપર આવેલ નથી. વાદી તથા પ્રતિવાદી નં. ૧/૧ તથા ૧/૩ એકબીજા સાથે કૌટુંબીક તથા વ્યવસાયિક સંબંધ ધરાવે છે તે હકીકત પ્લીડીંગ્સમાં રેકર્ડ ઉપર આવેલ છે. પ્રતિવાદી નં. ૧/૨ દ્રારા સ્પે. દિ. મુ. નં. ૩૪/ ૨૦૨૦ દાખલ કર્યા બાદ હાલનો દાવો દાખલ કરવામા આવેલ છે. પ્રતિવાદી નં. ૧/૨ દ્રારા પોતાના લેખીત જવાબમાં નિ. ૩/૧ થી રજુ કરારના પાલન અંગે સમય મર્યાદાનો બાધ નડતો હોવાની તકરાર ઉઠાવેલ છે. સદર દાવો દાખલ કરતા અગાઉ વાદીએ પ્રતિવાદીઓને નોટીસ ઇસ્યુ કરેલ નથી. જયારે પ્રતિવાદી નં. ૧/૨ નાએ આપેલ તા. ૧૬.૦૭.૨૦૨૦ ના રોજની નોટીસ નિ. ૨૧/૨ થી રજુ છે. નિ. ૩/૧ થી રજુ વેચાણ કરારમાં વેચાણ આપનારની ઉમર પ્રતિવાદી નં. ૧/૩ ની નથી પરંતુ સંભવત: પ્રતિવાદી નં. ૧/૧ ની દર્શાવેલ છે. વાદી તથા પ્રતિવાદી નં. ૧/૧ થી ૧/૩ નાઓ હાલના દાવા ઉપરાંત અન્ય પેઢી સંદર્ભેના કાનુની પ્રકરણમાં પક્ષકારો છે. વાદી પોતે પ્રતિવાદી નં. ૧/૧ થી ૧/૩ સાથે અન્ય ભાગીદારી પેઢીમાં ભાગીદાર તરીકે સંકળાયેલ છે. નિ. ૩/૪ થી રજુ વેચાણ દસ્તાવેજ અનુસાર વાદગ્રસ્ત મિલકતો પૈકી પ્લોટ નં. ૭૧ થી ૧૦૬ પ્રતિવાદી નં. ૧/૧ તથા ૧/૩ નાએ ભાગીદારી પેઢીને વેચાણ કરેલ છે. આ તમામ હકીકતો ધ્યાને લેતાં વાદી પ્રતિવાદી નં. ૧ પેઢી તથા પ્રતિવાદી નં. ૧/૧ થી ૧/૩ તમામ સાથે માહીતગાર હોવાનું પ્રથમ દર્શનીય રીતે ફલિત થાય છે. ઉપર ચર્ચા



This is a True Copy of the Court Records Online. Authenticated @ districts.ecourtsindia.com/cnr/GJJM020065682020/truecopy/order-1.pdf

કર્યા પ્રમાણે ભાગીદારી પેઢીના દસ્તાવેજ અનુસાર આપેલ સતા (શરતો) માં ફેરફાર કરવામા આવેલ હોવાનો કોઇ લેખીત આધાર પુરાવો આ કામે રજુ કરવામા આવેલ નથી. પક્ષકારો વચ્ચે થયેલ વેચાણના વ્યવહારો અંગે, વેચાણ અવેજ તથા બેંકના ખાતાઓ સંદર્ભે ભાગીદારી પેઢીના વહીવટ અંગે પુરાવો લેવો આવશ્યક જણાય છે. વાદીપક્ષે વિ. વ. શ્રી એ પોતાની દલીલોના સમર્થનમાં **૧૯૮૩ (૨) જી. એલ. આર. પાના નં. ૯૬૧ ઇબ્રાહીમશાહ મહમદ અને બીજાઓ વિ. નુરએહમદ નુરમહમદના** ચુકાદા ઉપર આધાર રાખેલ છે. સદર ચુકાદામા ઠરાવેલ છે કે, જો દાવાની કાર્યવાહી દરમ્યાન વાદગ્રસ્ત મિલકતનું અન્ય વધુ વેચાણ થઇ જાય તો મલ્ટીપ્લીસીટી ઓફ પ્રોસીડીંગ્સ થાય. આથી આ પ્રકારના કિસ્સામાં વચ્ચાગાળાનો મનાઇહુકમ આપવો જોઇએ. સદર ચુકાદો શીરોમાન્ય છે સદર ચુકાદામા ચર્ચા કરવામા આવેલ કેસમાં મુસ્લીમ લો અન્વયે બક્ષીસ તથા વીલ અન્વયે તકરાર સંદર્ભેનો છે. જયારે હાલના કેસમાં વેચાણ કરાર અંગેની તકરાર છે. આથી હાલના કેસની હકીકતો સાથે સુસંગત નથી. ઉપરોકત ચર્ચા અનુસાર વાદીનો પ્રથમ દર્શનીય કેસ હોવાનું તથા બેલેન્સ ઓફ કન્વીનીયન્સ વાદીના લાભમાં હોવાનું જણાતુ નથી. વાદી પોતે પ્રતિવાદી નં. ૧/૧ થી ૧/૩ સાથે મેસર્સ તથ્ય એન્ટરપ્રાઇઝમાં ભાગીદાર છે. આથી નાણાથી બદલો ન મળી શકે તેવી નુકશાની થતુ હોવાનું જણાતુ નથી. સબબ મુદા નં. ૧ થી ૩ નો જવાબ નકારમાં આપી મુદા નં. ૪ પરત્વે નીચે મુજબનો આખરી હુકમ કરવામા આવે છે.

**– હુકમ –**

૧. વાદીની આંક – ૫ ની અરજી **નામંજુર** કરવાનો હુકમ કરવામા આવે છે.

૨. ખર્ચ અંગે કોઇ હુકમ નથી.

હુકમ આજ રોજ તા.૧૭ મી ફેબ્રુઆરી ૨૦૨૨ ના રોજ ખુલ્લી અદાલતમાં જાહેર કરવામાં આવે છે.

તા. ૧૭/૦૨ /૨૦૨૨
જામનગર.

(ધર્મેન્દ્ર બળવંતરાય જોષી)
૯માં એડીશ્નલ સીનીયર સીવીલ જજ,
જામનગર. કોડ – જીજે૦૦૭૨૫



This is a True Copy of the Court Records Online. Authenticated @ districts.ecourtsindia.com/cnr/GJJM020065682020/truecopy/order-1.pdf

www.ecourtsindia.com